# જાહેરાત અને નિયમો

## જોઈએ છે

ગ્રામ નિર્માણ કેળવણી મંડળ, થવા સંચાલિત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન, સુરત નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવામાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજ મળેલ એન.ઓ.સી. ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૧/૨૦૨૧-૨૩ અધ્યાપકોની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | કેટેગરી | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | કૃષિ અધ્યાપક | ૧ (એક) | એમ.એસ.સી. (એગ્રી.) ૫૫ ટકા ગુણ /એમ.આર.એસ.૫૫ ટકા ગુણ | બિન અનામત | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર મળવાપાત્ર થશે. |
| ૨ | માનવ વિદ્યા અધ્યાપક | ૧ (એક) | એમ.એ.૫૫ ટકા ગુણ/ એમ.એસ.સી. ૫૫ ટકા ગુણ(અર્થશાસ્ત્ર, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, રાજનીતિ, ગાંધીવિચાર, હોમ સાયન્સ, પર્યાવરણ શાસ્ત્ર ૫૫ ટકા ગુણ | બિન અનામત | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર મળવાપાત્ર થશે. |

વધુ વિગત તેમજ લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ અને ગ્રામ વિદ્યાપીઠના કર્મચારીઓ માટેની આચાર સંહિતા તેમજ અન્ય નિયમો સંસ્થાની વેબસાઈટ **www.gnkmthava.com** પરથી સંપૂર્ણ વિગતો ધ્યાને લઈ અરજી કરવાની રહેશે. (અગાઉની તમામ અરજીઓ રદ ગણવામાં આવશે તથા જે ઉમેદવારે અગાઉ અરજી કરેલ હોય તેમણે પણ આ જાહેરાત સંદર્ભે ફરીથી નવેસરથી અરજી કરવાની રહેશે.)

સંબંધિત જગ્યાને અનુરૂપ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન–૧૫ માં તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે રજીસ્ટર એ.ડી. થી નીચેના સરનામે મળે તે રીતે અરજી કરવાની રહેશે. સરકારશ્રીની ગ્રામ વિદ્યાપીઠો માટેની આચાર સંહિતા પ્રમાણે નિમણૂંક પામનાર કર્મચારીએ ફરજીયાત કેમ્પસમાં રહેવાનું રહેશે. પગારધોરણ સરકારશ્રી દ્વારા નિયત કરેલ અને પ્રવર્તમાન નિયમોનુસાર જે અમલમાં હોય તે મળવાપાત્ર થશે. લેખિત પરીક્ષા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી અને સમય પત્રક માટે સંસ્થાની વેબસાઈટ જોતા રહેવું.

ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસ ફીનો ડીડી આચાર્યશ્રી નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવાના નામનો જોડવાનો રહેશે અથવા સંસ્થામાં રૂબરૂ જમા કરી રસીદ મેળવી અરજી સાથે રસીદ જોડવાની રહેશે. નિયત ફી વગરની અરજી રદ કરવામાં આવશે.

**અરજી કરવાનું સરનામું**
**આચાર્યશ્રી/મંત્રીશ્રી**
**નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવા**
**તા. નેત્રંગ, જિ. ભરૂચ. પીન. ૩૯૩૧૩૦**

૧. ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૩/૮/૨૦૦૮ તેમજ ૧૮/૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સીઆર-૧૦-૨૦૦૭-૧૨૦૦૩૨૦-ગ.પ.થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પુટર અંગેનું બેજીક જ્ઞાન ધરાવતા હોવા અંગેનું માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં ડીગ્રી કે ડિપ્લોમા અથવા સર્ટિફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦/૧૨ કોમ્પુટર એક વિષય તરીકે હોવા જોઈએ. આ તબક્કે આવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પુટર બેજીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતા પહેલા અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક સત્તાઅધિકારી આવા કિસ્સામાં ઉમેદવારી પસંદગી "રદ" કરી શકશે.

૨. નાણાં વિભાગના તારીખ ૧૮/૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ ૨/ઝ/૧ ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર મળવા પાત્ર થશે. વધારાના કોઈ ભથ્થા મળવા પાત્ર નથી.

3. આ જગ્યા પર નિમણૂંક પામનારે ગ્રામ વિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજીયાત રહેવાનું રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહિ.

૪. આ જગ્યા પર નિમણૂંક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૧/૦૪/૯૪ના ઠરાવથી ગ્રામ વિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચાર સંહિતાનું પાલન કરવાનું રહેશે. અને તે માટેનું બાંહેધરી પત્ર નિમણૂંક મેળવતા પહેલા આપવાનું રહેશે.

૫. પાંચ વર્ષ માસિક ઉચ્ચક પગારર્ની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહિ. તેમજ મંજૂર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહિ.

૬. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી તથા તેને આનુષાંગિક ઠરાવોને આધીન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવશે.

૭. જો ગ્રામ વિદ્યાપીઠમાં સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામ વિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણૂંક પામેલા કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેને ફાજલનું રક્ષણ મળી શકશે નહિ.

૮. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને સમાન સંવર્ગ અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં જે સમય નિયત હોય તે પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકશે નહિ. જાહેર રજાના દિવસોએ પણ સરકારીની/સંસ્થાની કામગીરીની જરૂરિયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૯. આ જગ્યા પર નિમણૂંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજા, જાહેર રજા અને ગ્રામ વિદ્યાપીઠના વેકેશન સિવાયની કોઈ પણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહિ. તે સિવાય અન્ય રજા ભોગવશે તો રજાના પગારની કપાત કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવા પાત્ર થશે.

૧૦.પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહિ.

૧૧. ઉમેદવારે અજમાયશી સમયગાળા દરમ્યાન સા.વ.વિ.ના તા.૩૦/૦૯/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૨. સરકારશ્રી તરફથી વહિવટી હિતમાં બીજી કોઈ પણ જરૂરી શરતો નક્કી થાય તે બંધન કર્તા રહેશે.

**અરજી કરવાનું સરનામું**
**આચાર્યશ્રી/નિયામકશ્રી**
**નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવા**
**તા. નેત્રંગ, જિ. ભરૂચ. પીન. ૩૯૩૧૩૦**

**શૈક્ષણિક લાયકાત:**

**કૃષિ અધ્યાપક : એમ.એસ.સી. (એગ્રી.) ૫૫ ટકા /એમ.આર.એસ.૫૫ ટકા**

**પરીક્ષા પદ્ધતિ :**

નિયત સમય મર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી વેબસાઇટ પર મુકવામાં આવશે. તેઓએ (૧) પ્રથમ ભાગમાં લેખિત સ્પર્ધાત્મક કસોટી (OMR) પદ્ધતિથી ૨૦૦ ગુણની લેવામાં આવશે. ત્યાર બાદ બીજા તબક્કામાં લેખિત પરીક્ષાના પરિણામને આધારે કુલ જગ્યાના ત્રણ ઘણા ઉમેદવારોએ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્ય ક્ષમતા) ૧૦૦ ગુણની ટેસ્ટ લેવાશે. એમ બંને કસોટીમાંથી મેળવેલ સંયુકત ગુણના મેરીટસ આધારે મેરીટ યાદી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

**ભાગ ૧ :**

**લેખિત કસોટી : (OMR) પ્રશ્નપત્ર ગુણ : ૨૦૦ સમય: ૨ (બે) કલાક**

૧.સ્પર્ધાત્મક પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Read (OMR) પદ્ધતિની રહેશે.

૨. ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

3. દરેક પ્રશ્ન બે ગુણનો રહેશે.

૪. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબ દીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્ક્સ લાગુ પડશે.

૫. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ “E” Not attempted રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઇચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્ક્સ લાગુ નહી પડે.

૬. સ્પર્ધાત્મક કસોટીમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને ભાગ ૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગ્યાના આધારે ત્રણ ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે.

અભ્યાસક્રમ: **ભાગ ૧**

**લેખિત કસોટી : (OMR) પ્રશ્નપત્ર          કુલ ગુણ : ૨૦૦          સમય: ૨ (બે) કલાક**
**વિષય : કૃષિ અધ્યાપક**

| ક્રમ | વિભાગ | ગુણ |
|---|---|---|
| ૧ | જનરલ વિભાગ | ૫૦ |
| | ૧.ભારતની ભૂગોળ – ભૌગોલિક પરિસ્થિતિ, આર્થિક, સામાજિક, કુદરતી સંસાધન અને વસ્તી અંગેની બાબતો – ગુજરાતના ખાસ સંદર્ભ સાથે.<br>૨.ભારતનો સાંસ્કૃતિક વારસો – સાહિત્ય – કલા, ધર્મ અને સ્થાપત્યો ગુજરાતના ખાસ સંદર્ભ સાથે.<br>૩.નઈ તાલિમ શિક્ષણ અને વિદ્યાપીઠ શિક્ષણ પ્રણાલી.<br>૪.ભારતની અર્થ વ્યવસ્થા અને આયોજન.<br>૫.ભારતની રાજનીતિ અને ભારતીય બંધારણ.<br>૬.સામાન્ય બૌદ્ધિક ક્ષમતા કસોટી.<br>૭.સામાન્ય જ્ઞાન, પર્યાવરણ, ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનિક્સ.<br>૮.ખેલ જગત, રાષ્ટ્રિય અને આંતર રાષ્ટ્રિય સ્તરના વર્તમાન મહત્વના બનાવો<br>૯.નવી શિક્ષણ નીતિ<br>૧૦.ઉચ્ચશિક્ષણ પ્રણાલી, પરંપરા યુ.જી.સી. અને અન્ય શિક્ષણ માટેના સંસ્થાનો | |
| ૨ | વિભાગ | ૧૫૦ |
| | કૃષિ<br>૧. ખનીજ અને ખડકની વ્યાખ્યા, ખડકોના પ્રકારો, જમીન બનાવતા પરિબળો (ખડકો અને ખનીજોનું અપક્ષપ અને તેના પ્રકારો), જમીનના ઘટકો અને કાર્યો, જમીનના અગત્યના ભૌતિક ગુણધર્મો, જેમાં જમીનનું પડ-રેતી, કાંપ, માટીના ગુણધર્મો, જમીનનો બાંધો, તેના પ્રકાર, જમીનનો બાંધાનું ખેતીમાં મહત્વ.<br>૨. સેન્દ્રિય ખાતરોના લાભ તથા મર્યાદાઓ, છાણીયું ખાતર સડવાની ક્રિયાને અસર કરતાં પરિબળો, ઉત્તમ છાણીયું ખાતર બનાવવાની રીત, અન્ય સેન્દ્રિય ખાતરોની માત્ર સમજ, રસાયણિક ખાતરોની વિશિષ્ટતાઓ (લાભ)અને આડ અસરો (ગેરલાભ), જુદા જુદા રસાયણિક અને તેના પોષક તત્વો, ખાતરોના કાર્યક્ષમ ઉપયોગ અને ખાતરો આપવાની પદ્ધતિઓ, જૈવિક ખાતરોના લાભા લાભ, પ્રકારોની સમજ,<br>૩. ગુજરાત રાજ્યની કૃષિ હવામાન ઝોન અને તે પ્રમાણે પાક વ્યવસ્થા, પાક ઉત્પાદનની ઓછી ખર્ચાળ કે બિન ખર્ચાળ પદ્ધતિઓ.<br>૪.જમીન, પાણી, છોડ વચ્ચેના પારસ્પરિક સબંધની પાક ઉત્પાદન ઉપર અસર, બીજનો અર્થ, ઉત્તમ બીજના લક્ષણો, સારા બીજના ફાયદા, બીજ માવજતનો અર્થ, ફાયદા, બીજ માવજતની પદ્ધતિઓ, હોર્મોન્સનો અર્થ, પ્રકારો અને તેની ઉપયોગિતા.<br>૫. કિટક નિયંત્રણની સમજ, પ્રકારો, પદ્ધતિઓ તથા કુદરતી કિટક નિયંત્રણ, રાસાયણિક કિટક નિયંત્રણ – વ્યાખ્યા, લાભ તથા આડઅસરો.<br>૬. વનસ્પતિ રોગ તથા વનસ્પતિ રોગ વિજ્ઞાનનો અર્થ, વનસ્પતિ રોગના કારકોની ટૂંકમાં સમજ. વનસ્પતિ રોગ લક્ષણો.<br>૭. બહુભોજી કિટકોની સમજ તથા બહુભોજી કિટકોની ઓળખ, ચિન્હો, નુકસાનનો પ્રકાર, જીવનચક્ર અને તેનું નિયંત્રણ.<br>૮. કિટકનાશક દવાઓનું વર્ગીકરણ, જેમાં જઠરવિષ. ધૂમકર વિષ, સ્પર્શવિષ, શોષકવિષ, અનુકર્ષણ તથા પ્રતિકર્ષણ પદાર્થો, એન્ટાઈફિડન્ટ તથા કિટકનાશક દવાઓનું રાસાયણિક ગુણધર્મોના આધારે માત્ર વર્ગીકરણ.<br>૯. જમીન ધોવાણ એટલે શું? તેના પ્રકારો, કારણો અને ઉપાયો. ખેતીમાં વપરાતી વિવિધ શક્તિ. શક્તિ સંચારણ એટલે શું ? તેના પ્રકારો.<br>૧૦. વોટરશેડ એટલે શું? વોટરશેડની વિવિધ પ્રવૃત્તિઓ : ચેકડેમ, ખેત તલાવડી, કૂવા | |

| | | |
|---|---|---|
| | રીચાર્જ.<br>૧૧. વાવણી પદ્ધતિ(રીતો) સમજ ઉદાહરણ સાથે (દા.ત. પૂંખીને, થાણીને, ઓરીને, રોપીને (ફેર રોપણી). ઉત્તમ બીજની પસંદગી કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અને બીજ માવજતનું મહત્વ, સારા બીજના લક્ષણો. નિંદણનો અર્થ, વર્ગીકરણ, નિંદણથી ખેતી પાકોને થતું નુકશાન. નિંદણ નિયંત્રણ, પદ્ધતિઓની સમજ. ખેત પેદાશોનું રૂપાંતર અને મૂલ્યવૃદ્ધિનો અર્થ, ફાયદા અને તેને અસર કરતી બાબતો.<br>૧૨. સજીવ ખેતીના સિદ્ધાંતો, સજીવ ખેતીના મૂળભૂત ઘટકો/બાબતો. સજીવ ખેતીના લાભ અને મર્યાદાઓ. સજીવ ખેતી માટે અમૃતમાટી અને બીજામૃત બનાવવાની રીત અને તેની ઉપયોગીતા. સજીવખેતી માટે જીવામૃત અને પાક સંરક્ષણ માટે સજીવ અસ્ત્રો બનાવવાની રીત અને તેની ઉપયોગીતા.<br>૧૩. જુદા જુદા અનાજ વર્ગના પાકોની ખેતી પદ્ધતિ, કઠોળ વર્ગના પાકોની ખેતી પદ્ધતિ, શાકભાજી વર્ગના પાકોની ખેતી પદ્ધતિ, તેલીબિયાં વર્ગના પાકોની ખેતી પદ્ધતિ.<br>૧૪. સૂકી ખેતી, તેની પદ્ધતિઓ, પિયત ખેતી, પિયત ખેતીની જુદીજુદી પદ્ધતિઓ, ભારત સરકાર અને રાજ્ય સરકારની ખેતી અને પશુપાલનની વિવિધ યોજનાઓ.<br>૧૫. નાબાર્ડ, જી. એસ. એફ. સી, ઇફકો, ગુજકોમાસોલ અને ખેતી સાથે સંકળાયેલ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓનો પરિચય અને કાર્ય પદ્ધતિ. | |

**ભાગ : ૨**

**કમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી**

**કુલ ગુણ: ૧૦૦** **સમય: ૧ કલાક**

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી ટાઈપીંગ કસોટી | ૨૦ |
| ૨ | અંગ્રેજી ટાઈપીંગ કસોટી | ૨૦ |
| ૩ | કમ્પ્યુટર ઉપયોગીતા સંદર્ભમાં પ્રેક્ટીકલ | ૬૦ |
| | કુલ ગુણ | ૧૦૦ |

**સામાન્ય શરતો :**

૧. ગ્રામવિદ્યાપીઠો માટેની આચાર સંહિતાનો અભ્યાસ કરી તે પ્રમાણેની તૈયારી હોય તે જ અરજી કરે.

૨. ઉમેદવારની અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા ઉમેદવારી જે તે સમયે જ રદ ગણાશે.

૩. સરકારશ્રીની ભરતી માટે કોઈ પણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહી.

૪. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલ કોઈ પણ વિગત અને કોઈ પણ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા ભવિષ્યમાં કોઈ પણ સમયે ચકાસણી દરમ્યાન ખોટો માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી અને નિમણૂંક રદ કરવામાં આવશે.

૫. પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

૬. ભરતી પ્રક્રિયા અંગે રાજ્ય સરકાર જે નિયમો ઘડે તે બંધન કર્તા રહેશે.

**૭. ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસ ફી નો ડીડી આચાર્યશ્રી નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવાના નામનો જોડવાનો રહેશે.**

૮. નિયત શૈક્ષણિક લાયકાત અને ફી સિવાયની અને સમય મર્યાદા પછી આવેલ અરજી ગ્રાહ્ય રહેશે નહી.

**અરજી કરવાનું સરનામું**

**આચાર્યશ્રી/નિયામકશ્રી**

**નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવા**

**તા. નેત્રંગ , જિ. ભરૂચ. પીન. ૩૯૩૧૩૦**

**અભ્યાસક્રમ: ભાગ ૧**

**શૈક્ષણિક લાયકાત:**
**માનવ વિદ્યા અધ્યાપક : એમ.એ.૫૫ ટકા ગુણ/એમ.એસ.સી. ૫૫ ટકા ગુણ**
**(અર્થશાસ્ત્ર, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, રાજનીતિ, ગાંધીવિચાર,**
**હોમ સાયન્સ, પર્યાવરણ શાસ્ત્ર ૫૫ ટકા ગુણ)**

**પરીક્ષા પદ્ધતિ :**
નિયત સમય મર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી વેબસાઈટ પર મુકવામાં આવશે. તેઓએ (૧) પ્રથમ ભાગમાં લેખિત સ્પર્ધાત્મક કસોટી (OMR) પદ્ધતિથી ૨૦૦ ગુણની લેવામાં આવશે. ત્યાર બાદ બીજા તબક્કામાં લેખિત પરીક્ષાના પરિણામને આધારે કુલ જગ્યાના ત્રણ ઘણા ઉમેદવારોએ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્ય ક્ષમતા) ૧૦૦ ગુણની ટેસ્ટ લેવાશે. એમ બંને કસોટીમાંથી મેળવેલ સંયુકત ગુણના મેરીટસ આધારે મેરીટ યાદી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

**અભ્યાસક્રમ: ભાગ ૧**

**લેખિત કસોટી : (OMR) પ્રશ્નપત્ર ગુણ : ૨૦૦ સમય: ૨ (બે) કલાક**
૧.સ્પર્ધાત્મક પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Read (OMR) પદ્ધતિની રહેશે.
૨. ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
3. દરેક પ્રશ્ન બે ગુણનો રહેશે.
૪. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબ દીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્ક્સ લાગુ પડશે.
૫. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" Not attempted રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્ક્સ લાગુ નહી પડે.
૬. સ્પર્ધાત્મક કસોટીમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને ભાગ ૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગ્યાના આધારે ત્રણ ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે.

**અભ્યાસક્રમ: ભાગ ૧**

**વિષય : માનવવિદ્યા અધ્યાપક** **કુલ ગુણ : ૨૦૦**

| ક્રમ | વિભાગ | ગુણ |
|---|---|---|
| ૧ | **જનરલ વિભાગ** | **૫૦** |
| | ૧.ભારતની ભૂગોળ – ભૌગોલિક પરિસ્થિતિ, આર્થિક,સામાજિક, કુદરતી સંસાધનો અને વસ્તી અંગેની બાબતો – ગુજરાતના ખાસ સંદર્ભ સાથે<br>૨.ભારતનો સાંસ્કૃતિક વારસો – સાહિત્ય – કલા, ધર્મ અને સ્થાપત્યો ગુજરાતના ખાસ સંદર્ભ સાથે<br>૩.નઈ તાલીમ શિક્ષણ અને વિદ્યાપીઠ શિક્ષણ પ્રણાલી<br>૪.ભારતની અર્થ વ્યવસ્થા અને આયોજન<br>૫.ભારતની રાજનીતિ અને ભારતીય બંધારણ<br>૬.સામન્ય બૌધાત્મક ક્ષમતા કસોટી<br>૭.સામાન્ય જ્ઞાન, પર્યાવરણ, ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનીક્સ<br>૮.ખેલ જગત રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરના વર્તમાન મહત્વના બનાવો<br>૯.નવી શિક્ષણ નીતિ<br>૧૦.ઉચ્ચશિક્ષણ પ્રણાલી, પરંપરા યુ.જી.સી. અને અન્ય શિક્ષણ માટેના સંસ્થાનો | |
| ૨ | **વિભાગ ૨** | **૧૫૦** |
| | ૧. અર્થશાસ્ત્રની વ્યાખ્યા, આધુનિક અર્થશાસ્ત્રીઓએ આપેલ વ્યાખ્યાઓ, માનવ | |

જરૂરિયાતના લક્ષણો, માનવ જરૂરિયાતનું વર્ગીકરણ, માંગનો અર્થ, માંગનો નિયમ, પુરવઠાનો અર્થ, પુરવઠોનો નિયમ.

૨. ફુગાવાની વ્યાખ્યાઓ, ફુગાવાના કારણો, યુદ્ધ ખર્ચ, આર્થિક વિકાસ, કુદરતી આફતો, વસ્તી વધારો, વધેલ ખર્ચ સામે આવક વધારવાનો પ્રયત્ન, ફુગાવાની અસરો.

૩.સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા અને સમજુતી, સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ, સામાજિક અને બોધાત્મક પ્રક્રિયાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ, સમાજલક્ષી મનોવિજ્ઞાનનું અભ્યાસક્ષેત્ર, જુથની વ્યાખ્યા અને સમજુતી, જૂથનું સ્વરૂપ, જુથના કાર્યો, સત્તા પ્રત્યે આજ્ઞાંકિતતા, ટોળું વ્યાખ્યા અને પ્રકારો.

૪. ગ્રામીણ સમાજશાસ્ત્રનો અર્થ, વ્યાખ્યા અને ક્ષેત્રો, ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્વ, ગ્રામીણ સમાજશાસ્ત્રની ઉત્પત્તિ અને વિકાસ, ગ્રામીણ સમુદાયનો અર્થ, ગ્રામીણ સમુદાયની વિશેષતાઓ, ગ્રામીણ સમુદાયનું મહત્વ, ગ્રામીણ અને શહેરી સમુદાયનો તફાવત, ગ્રામીણ સમુદાયમાં આવતા પરિવર્તન અને તેના કારણો

૫. પંચાયતીરાજનો અર્થ, પંચાયતી રાજના હેતુ, ઉદ્દેશ, ૭૩મા બધારણીય સુધારા પહેલાનું પંચાયતી રાજ, ૭૩મોં બધારણીય સુધારો, ૭૩મા બધારણીય સુધારા બાદ પંચાયતી રાજ, ગુજરાત પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું.

૬. ગ્રામીણ જ્ઞાતિ વ્યવસ્થા - અર્થ, સ્વરૂપ, લક્ષણો - લાભાલાભ, જજમાની વ્યવસ્થા - અર્થ, વ્યાખ્યા, મહત્વ, લાભાલાભ

૭. ૧૯મી સદી દરમ્યાન સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળ : બ્રહ્મો સમાજ, પ્રાર્થના સમાજ, રામકૃષ્ણ મિશન, ભારતના સમાજિક સુધારાઓમાં ગાંધીજીનું પ્રદાન, આધુનિક શિક્ષણની ભારતીય સમાજ ઉપર અસર.

૮.સિંધુ ખીણના સમાજની વિશેષતાઓ, નગર રચના, સામાજિક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ, વૈદિક યુગના સમાજની વિશેષતાઓ, સમાજ જીવન, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ, વેદોનો પરિચય, અનુવૈદિક યુગનું સાહિત્ય, ઉપનિષદોના પરિચય, રામાયણ, મહાભારતનો ભારતના સામાજિક ઘડતરમાં ફાળો.

૯. ખેતીની નીચી ઉત્પાદકતાના કારણો, ખેતીની નીચી ઉત્પાદકતા નિવારણના ઉપાયો, અંગ્રેજ સમય દરમ્યાનની જમીન મહેસૂલ પધ્ધતિઓ - તેના લાભ અને મર્યાદાઓ. આઝાદી બાદ જમીન સુધારણા, તેના હેતુઓ, જમીન સુધારાનું સ્વરૂપ, ૧૯૭૨નો જમીનની ટોચ મર્યાદાનો કાયદો, જમીન સુધારાની સિદ્ધિઓ અને મર્યાદાઓ, નીતિ આયોગ - નીતિ આયોગમાં કૃષિ ક્ષેત્ર.

૧૦. સહકારનો અર્થ અને વ્યાખ્યા, સહકારના સિદ્ધાંતો (૧૯૯૫), સહકારી મંડળીની રચનાની પદ્ધતિ, સહકારી મંડળીમાં સામાન્ય સભા, પ્રકારો, કાર્યો, સહકારી મંડળીમાં પ્રમુખ, મંત્રી, વ્યવસ્થાપક સમિતિનાં કાર્યો, ફરજો.

૧૧.ગ્રામીણ ભારતમાં સ્વૈચ્છિક સંગઠનોના સ્વરૂપ અને પ્રકાર, સ્વૈચ્છિક સંગઠનના કેટલાક સફળ અનુભવો : ચેતના, સેવા, સેવા રૂરલ.

૧૨.મનોવલણની વ્યાખ્યા અને તેનું સ્વરૂપ, મનોવલણ રચના, મનોવલણમાં પરિવર્તન, પૂર્વગ્રહની વ્યાખ્યા, અંતગત તત્વો, પૂર્વગ્રહના પરિણામ, પૂર્વગ્રહ ઘટાડવાના ઉપાયો

૧૩. લોકશાહી, લોકશાહીના પ્રકાર, કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર

૧૪. ભારતની સામાજિક સમસ્યાઓ - સ્વરૂપ, કારણો અને ઉપાયો

૧૫.નીતિ આયોગ

**ભાગ : ૨**

**કમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી**

**ગુણ: ૧૦૦** **સમય: ૧ કલાક**

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી ટાઈપીંગ કસોટી | ૨૦ |
| ૨ | અંગ્રેજી ટાઈપીંગ કસોટી | ૨૦ |
| ૩ | કમ્પ્યુટર ઉપયોગીતા સંદર્ભમાં પ્રેક્ટીકલ | ૬૦ |
| | કુલ ગુણ | ૧૦૦ |

**સામાન્ય શરતો :**

૧. ગ્રામવિદ્યાપીઠો માટેની આચાર સંહિતાનો અભ્યાસ કરી તે પ્રમાણેની તૈયારી હોય તે જ અરજી કરે.

૨. ઉમેદવારની અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે.અન્યથા ઉમેદવારી જે તે સમયે જ રદ ગણાશે.

૩. સરકારશ્રીની ભરતી માટે કોઈ પણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહી.

૪. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલ કોઈ પણ વિગત અને કોઈ પણ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત,વય, જાતિ , અનુભવ વિગેરેને લગતા ભવિષ્યમાં કોઈ પણ સમયે ચકાસણી દરમ્યાન ખોટો માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી અને નિમાણૂંક રદ કરવામાં આવશે.

૫. પસંદગી પામેલ ઉમેદવારે નિમાણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમાણૂંક મેળવવાને પાત્ર થશે.

૬. ભરતી પ્રક્રિયા અંગે રાજ્ય સરકાર જે નિયમો ઘડે તે બંધન કર્તા રહેશે.

**૭. ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસ ફી નો ડીડી આચાર્યશ્રી નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવાના નામનો જોડવાનો રહેશે.**

૮. નિયત શૈક્ષણિક લાયકાત અને ફી સિવાયની અને સમય મર્યાદા પછી આવેલ અરજી ગ્રાહ્ય રહેશે નહી.

**અરજી કરવાનું સરનામું**

**આચાર્યશ્રી/નિયામકશ્રી**

**નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવા**

**તા. નેત્રંગ , જિ. ભરૂચ. પીન. ૩૯૩૧૩૦**